**બોટાદના મહે. ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મુ. બોટાદ**

ફોજદારી કેસ નંબર :-            / ૨૦૨

## પ્લી તળે હુકમ

૧.   ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આ કામની ચાર્જશીટની ટુંક હકીકતમાં જણાવેલ મુજબ હથીયાર ગેરકાયદેસર રીતે રાખી મળી આવી તમો આરોપીએ જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપીએ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાતએ કોઇના દાબ, દબાણ વીના સ્વ ખુશીએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતુ નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકિકત અને સજાની જોગવાઇ જોતા આરોપી દ્વારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯, નટવરચંદ્ર હિરાચંદ ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ આજરોજ નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટ, બોટાદ દ્વારા નેશનલ લોક- અદાલતનુ આયોજનના ભાગરૂપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીંગનુ આયોજન કરેલ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

********   **<u>હુકમ</u>**   ********

આ કામના આરોપીને બી.એન.એન.એસની કલમ ૨૭૫ હેઠળ જી. પી.એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે.આરોપીને રૂ.૧૦૦/- (અંકે રૂ. સો પુરા) પુરાનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

* જો આરોપી દંડ ન ભરે તો દિન - ૦૫ (પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

* અન્ય મુદ્ધામાલનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ નેશનલ લોક- અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૯/૨૦૨૪

સ્થળ :- બોટાદ

**( એ.એન.પટેલ )**
**ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ**
**બોટાદ**
**કોડ નં. જીજે ૦૦૯૧૭**

**દંડની રકમ રૂ. ૧૦૦ X ૧ ( આરોપી ) = ૧૦૦/- ( અંકે રૂ.એક સો પુરા) પહોચ નંબર - .................. દ્વારા વસુલ લીધા.**

**આજ તા. ૧૪/૦૯/૨૦૨૪**

**નાઝર**
**ચીફ જ્યુડિ.મેજીસ્ટ્રેટ કોર્ટ,**
**બોટાદ**